Public Affairs Office
U.S. Consulate General, Mumbai

PRESS RELEASE

AMERICAN CENTER, 4 New Marine Lines, Mumbai 400 020
Tel: 91-22-2262-4590 Fax: 91-22-2262-6800
E-mail: MumbaiPublicAffairs@state.gov Web: http://mumbai.usconsulate.gov

ઑગસ્ટ ૨૫, ૨૦૦૮

ભારત-અમેરિકા નાગરિક પરમાણુ સહયોગ પહેલ પર રાજદૂત ડેવિડ સી. મલ્ફર્ડ નું વક્તવ્ય

નવી દિલ્હી: ભારત સ્થિત અમેરિકી રાજદૂત ડેવિડ મલ્ફર્ડે પુનઃ: વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે અમેરિકા ભારત સાથે નાગરિક પરમાણુ કરારને પાર પાડવા કટિબદ્ધ છે. આ હેતુ અમેરિકા ભારતા સાથે કામ કરી આ કરારને જડપભેર અમલી બનાવવા પ્રયત્નશીલ છે.

"અમેરિકા અને ભારત અણુ સામગ્રી પૂરી પાડતા દેશોના સમૂહ (ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ- એનએસજી) પાસેથી ચોખ્ખી રાહત મેળવવાની આશ સાથે ખબે થી ખબો મેળવીને ઊભા છે અને અમે અમારા ભારતીય સાથીદરો સાથે કામ કરતાં અણુ સામગ્રી પૂરી પાડતા દેશોના સમૂહ રાષ્ટ્રોને સમજાવવાનો પ્રયત્ન કરશું કે આવી રાહત આંતરરાષ્ટ્રીય સમુદાયના શ્રેષ્ઠ હિતમાં છે." એવું મલ્ફર્ડે તેમના વક્તવ્યમાં કહ્યું હતું.

"આવનારી ૪ સપ્ટેંબરના રોજ નિર્ધારિત એનએસજી ની સભા અગાઉ, અમેરિકા અને ભારત અણુ સામગ્રી પૂરી પાડતા દેશોની સરકારોના ઉચ્ચતમ સ્તર પર આ કરારની સંયુક્ત હિમાયત હાથ ધરશે." એમ મલ્ફર્ડે તેમના વક્તવ્યમાં ઉમેર્યું હતું.

***